ક્રમાંક/FRC/૨૦ ૨૪ ૩૫-૩૬
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
અનાવિલ ભવનની સામે,
કારેલીબાગ, વડોદરા.
તા...૭../..૪../૨૦૨૨

# ફ્રી નિયમન સમિતિ – વડોદરા વિભાગ, વડોદરા.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,અનાવિલ ભવનની સામે, કારેલીબાગ,વડોદરા.

**Ph.0265-2488487 E.mail add:- frcvadodara@gmail.com**

U-Dise-24191 307002. વડોદરા રીવ્યુ અરજી નં.૩૬/૨૦૨૧-૨૨ દરખાસ્ત નં.VD-૯૦/૨૦૨૧-૨૨.

E-mail : info@dpsharni.com તા.30-03-૨૦૨૨.

અરજદાર શાળા :- દિલ્હી પબ્લિક સ્કુલ (C.B.S.E.)(અંગ્રેજી માધ્યમ), ઠે.મોટનાથ મહાદેવ પાસે, હરણી-વિરોદ રોડ, હરણી, વડોદરા-૩૯૦૦૨૨...

વિષય :- સને-૨૦૨૧-૨૨ થી સને-૨૦૨૩-૨૪ પ્રિ.પ્રાયમરી, પ્રાયમરી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક, જનરલ અને સાયન્સની ફી વધારા માટેની દરખાસ્ત.

અનુસંધાન :-

(૧) ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭.
(૨) ગુજરાત સ્વનિર્ભર શાળા (રેગ્યુલેશન ઓફ ફીઝ) નિયમો, ૨૦૧૭.
(૩) નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડીયામાં દાખલ થયેલ સ્પે.લીવ ટુ અપીલ (સી) નં.૩૧૪/૨૦૧૮ ના હુકમો.

-:: હુ ક મ ::-

(૧) અરજદાર શાળાએ ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને ૨૦૧૭ અને તે અંતર્ગત ગુજરાત સ્વનિભર શાળા ફી નિયમન (નિયમો) સને-૨૦૧૭ ના નિયમ-૬ અન્વયે ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ પોતાની દરખાસ્ત રજુ કરી છે. જે દરખાસ્ત તેઓએ સને ૨૦૨૧-૨૨ થી સને ૨૦૨૩-૨૪ ના ૩ વર્ષની ફી નક્કી કરવા માટે જણાવવામાં આવ્યું છે. જેમાં અરજદાર શાળા ધ્વારા નીચે પ્રમાણેની સૂચિત ફીની માગણી કરવામાં આવી છે. :-

ફ્રી નિયમન સમિતિ વડોદરા ઝોન, વડોદરા

| અ. નં. | ધોરણ | માધ્યમ | બોર્ડ | અરજદાર શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા. | અરજદાર શાળાની સૂચિત ફીની માગણી |
|---|---|---|---|---|---|
| | | | | સને ૨૦૧૯-૨૦. | સને ૨૦૨૦-૨૧. |
| (૧) | પ્રિ.પ્રાયમરી | અંગ્રેજી | C.B.S.E. | ૨૫૯ | રૂ.૯૪,૬૦૦/- |
| (૨) | ૧ થી ૩. | અંગ્રેજી | C.B.S.E. | ૫૫૦ | રૂ.૯૪,૬૦૦/- |
| (૩) | ૪ થી ૮. | અંગ્રેજી | C.B.S.E. | ૧૦૩૭ | રૂ.૯૪,૬૦૦/- |
| (૪) | ૯ થી ૧૦. | અંગ્રેજી | C.B.S.E. | ૪૩૦ | રૂ.૯૪,૬૦૦/- |
| (૫) | ૧૧-૧૨ જનરલ | અંગ્રેજી | C.B.S.E. | ૮૫ | રૂ.૯૮,૦૦૦/- |
| (૬) | ૧૧-૧૨ સાયન્સ | અંગ્રેજી | C.B.S.E. | ૧૧૩ | રૂ.૯૮,૦૦૦/- |
| | | | કુલ વિદ્યાર્થી... | ૨૪૭૪ | |

(૨) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ થી સને ૨૦૨૩-૨૪ ના વર્ષની ફી નિર્ધારણ માટે દરખાસ્ત નં.૯૦/૨૦૨૧-૨૨ દાખલ કરવામાં આવી હતી. જે કામે ફી નિયમન સમિતિ ધ્વારા તારીખ. ૧૬-૦૨-૨૦૨૨ ના રોજ વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હતો. સદર હુકમમાં દર્શાવ્યા પ્રમાણે શાળા વચગાળાના હુકમથી નારાજ હોય તો તેઓએ દિન-૭ માં ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ કારણો સહીતની રીવ્યુ અરજી કરવાની રહેશે. જો અરજદાર શાળા વચગાળાના હુકમ વિરૂધ્ધ નિયત સમય મર્યાદામાં રીવ્યુ અરજી કરવામાં નિષ્ફળ જાય ત્યારે વચગાળાનો હુકમ આખરી અને નિર્ણાયક ગણવામાં આવશે તેવું ઠરાવવામાં આવ્યું હતું.

(૩) અરજદાર શાળાએ વચગાળાના હુકમ વિરૂધ્ધ તા.૦૨-૦૩-૨૦૨૨ ના રોજ રીવ્યુ અરજીમાં જણાવેલ કારણોસર રીવ્યુ અરજી આપી હતી. જેને રીવ્યુ અરજી નં.૩૬/૨૦૨૧-૨૨ તરીકે દાખલ કરવામાં આવી હતી.

(૪) અરજદાર શાળાની રીવ્યુ અરજીની સુનાવણી તા.૨૪-૦૩-૨૦૨૨ ના રોજ રાખવામાં આવી હતી. સુનાવણીના દિવસે અરજદાર શાળાના પ્રતિનિધિ (અધિકૃત જવાબદાર વ્યક્તિ) મારફતે હાજર રહ્યા હતા.

(૫) અરજદાર શાળાએ સને ૨૦૧૭-૧૮ થી સને ૨૦૧૯-૨૦ ના વર્ષ માટેની દરખાસ્ત નં.૧૧૧/૨૦૧૮ દાખલ કરી હતી. જેમાં નામદાર સુપ્રિમ કોર્ટના સ્પેશીયલ લીવ અપીલ (સીવીલ) નં.૩૧૪/૨૦૧૮ ફેડરેશન ઓફ સેલ્ફ ફાઇનાન્સ સ્કુલ અને બીજાઓ વિ.સ્ટેટ ઓફ ગુજરાત દાખલ કરવામાં આવી હતી. જેમાં વખતોવખત આખરી હુકમ કરવામાં આવેલ છે.

(૬) અરજદાર શાળાએ સને ૨૦૨૦-૨૧ થી સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટેની દરખાસ્ત દાખલ કરી હતી. જે દરખાસ્ત નં.૫૬/૨૦૨૦-૨૧ થી તા.૦૧-૦૩-૨૦૨૧ ના રોજ હુકમ કરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક-બમશ/૧૨૨૦/ ૫૩/એફ.આર.સી.સેલ, તા.૦૭-૧૦-૨૦૨૦ ના કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં સ્વ-નિર્ભર શાળાઓએ વસુલવાની થતી ફી બાબતના પરિપત્રને ધ્યાને લઇને સને ૨૦૧૯-૨૦ ના વર્ષમાં જે ફી નક્કી કરવામાં આવી હતી તે ફીના ૭૫ ટકા રકમ સને ૨૦૨૦-૨૧ ના વર્ષમાં ફી તરીકે લેવાની હતી અને તે અન્વયે હુકમ કરવામાં આવ્યો હતો.

(૭) સમગ્ર દેશમાં તાજેતરમાં ઉપસ્થિત થયેલ કોવિડ-૧૯ ની મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦ થી રાજ્યની તમામ શાળાઓ (સરકારી, ગ્રાન્ટ-ઇન-એઇડ, સ્વ-નિર્ભર) બંધ રાખવાની જાહેરાત કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકાર ધ્વારા સમયાંતરે લોક-ડાઉનની જાહેરાતો કરવામાં આવેલી હતી તે સંજોગોમાં શાળાઓ બંધ રાખવામાં આવી હતી અને હાલની પરિસ્થિતિમાં પણ કેન્દ્ર સરકારના આ અંગેના નિર્દેશો મુજબ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાના આદેશો કરવામાં આવેલ છે અને આ પરિસ્થિતિ ધ્યાને લઇને અરજદાર શાળાના સને ૨૦૧૯-૨૦ ના ઓડીટ થયેલા હિસાબો અને તે વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે સને ૨૦૨૧-૨૨ થી સને ૨૦૨૩-૨૪ ના ૩ વર્ષ માટેની વચગાળાની ફી, ફી નિયમન સમિતિએ નક્કી કરવાનું ઠરાવેલ છે. કારણ કે, સને ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે શાળાએ સને ૨૦૧૯-૨૦ ની ફીના ૭૫ ટકા રકમ જ ફી તરીકે લેવાનું ઠરાવેલ હતું. શાળા પુરેપુરા સમય ચાલી નથી. વિદ્યાર્થીઓની ફી ઓછી આવેલી છે તે જ પ્રમાણે શાળાને પણ ખર્ચનું પ્રમાણ ઓછું થયેલ છે તેથી સને ૨૦૧૯-૨૦ ના વર્ષના ઓડીટ આધારે ફી નક્કી કરવાનું ઠરાવવું ન્યાયી, વ્યાજબી અને શાળા સંચાલક અને વિદ્યાર્થીઓના વાલીઓને નુકશાન ન થાય તે હેતુથી સને ૨૦૧૯-૨૦ નું વર્ષ નક્કી કરવામાં આવ્યું છે.

ફી નિયમન સમિતિ
વડોદરા ઝોન, વડોદરા

(૮) અરજદાર શાળા ધ્વારા સને ૨૦૧૯-૨૦ ના વર્ષના ઓડીટ થયેલા હિસાબો રજુ કરવામાં આવેલા છે અને તેમાં દર્શાવેલી આવક અને જાવકના હિસાબો ફી નિયમન સમિતિ ધ્વારા ધ્યાને લઇને તે વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યાના હિસાબે ફી નક્કી કરવાનું ઠરાવવામાં આવેલ છે.

| અ.નં. | ફીની વિગત | રકમ |
|---|---|---|
| ૧. | સ્કુલ ફી | રૂા.૧૫,૦૦,૦૨,૧૫૫/- |
| ૨. | ટર્મ ફી | રૂા.૨,૪૬,૭૩,૫૦૦/- |
| ૩. | ટ્રાન્સપોર્ટ ફી | રૂા.૫૩,૮૨,૨૩૫/- |
| ૪. | એડમીશન અને ઓરીએન્ટ્રન્શન ફી | રૂા.૪૫,૮૩,૦૦૦/- |
| ૫. | લેબ/લાઇબ્રેરી/પરીક્ષા ફી જનરલ કાઉન્સિલીંગ ફી | રૂા.૨૩,૯૩,૦૦૦/- |
| ૬. | એડમિનિસ્ટ્રેટીવ ફી | રૂા.૧૦,૬૨,૪૦૦/- |
| ૭. | પ્રોસેસ ફી | રૂા.૩૦,૦૩,૦૦૦/- |
| ૮. | રજીસ્ટ્રેશન અને પ્રોસ્પેક્ટ ફી | રૂા.૧૦,૩૨,૦૦૪/- |
| ૯. | લેટ ફી | રૂા.૧,૬૩૫/- |
| ૧૧. | પરચુરણ રીસીપ્ટ | રૂા.૫૪,૫૧૫/- |
| ૧૧. | અન્ય આવક | રૂા.૨૧,૩૭,૩૧૨/- |
| | કુલ આવક... | રૂા.૧૯,૪૩,૨૪,૭૫૬/- |
| | બાદ ટ્રાન્સપોર્ટ ફી | રૂા.૫૩,૮૨,૨૩૫/- |
| | કુલ ચોખ્ખી આવક રૂા. | રૂા.૧૮,૮૯,૪૨,૫૨૧/- |

(૯) અરજદાર શાળા તરફથી દર્શાવવામાં આવેલી આવકની વિગતો ચકાસતાં એડમીશન ફી તથા ટર્મ ફીનો સમાવેશ ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ ફી નિયમન અધિનિયમ, સને-૨૦૧૭ ની કલમ-૨ (જી) માં નક્કી કરવામાં આવેલી છે અને તેમાં એડમીશન ફી અને ટર્મ તેમજ અન્ય ફીનો સમાવેશ એક જ ફીના મથાળા હેઠળ કરવામાં આવે છે. અરજદાર શાળાના સને ૨૦૧૯-૨૦ ના વિદ્યાર્થીઓની સંખ્યા ૨૪૭૪ થાય છે. એવરેજ ફી શાળાએ રૂા.૭૬,૩૭૧/- પ્રમાણે લીધી છે. જયારે એફ.આર.સી. ધ્વારા પાછલા વર્ષમાં રૂા.૪૭,૪૦૮/- નક્કી કરવામાં આવેલી હતી. તેના બદલે અરજદાર શાળાએ રૂા.૨૮,૯૬૩/- ની વધુ આવક મેળવી છે. આમ કરીને અરજદાર શાળાએ રૂા.૭,૧૬,૫૪,૪૬૨/- ની વધુ આવક મેળવી છે. નામદાર સુપ્રિમ કોર્ટના સ્પેશીયલ લીવ પીટીશન નં.૩૧૪/૨૦૧૮ ના હુકમમાં ઠરાવ્યા મુજબ વૈકલ્પિક પ્રવૃતિ વિદ્યાર્થીએ સ્વીકારી હોય તો જ વિદ્યાર્થી પાસેથી વૈકલ્પિક પ્રવૃત્તિની ફી અલગથી લેવા હક્કદાર બને છે અને તે સિવાયની અન્ય કોઇ ફી વિદ્યાર્થી પાસેથી અલગ રીતના વસુલ કરવા હક્કદાર બનતા નથી.

(૧૦) અરજદાર શાળાની રજુઆત કે, વચગાળાના હુકમમાં અરજદાર શાળાના રૂા.૫,૦૬,૨૦,૦૫૬/- ના ખર્ચાઓ જે નામંજુર કરેલા છે તેને રીવ્યુ અરજીમાં જણાવેલી હકીકતો ધ્યાને લઇને મંજુર કરવા જોઇએ.

(૧૧) અરજદાર શાળાની વધુમાં રજુઆત કે, કોમ્પ્યુટર ખર્ચ રૂા.૧૨,૧૩,૬૦૫/- નો ખર્ચ નામંજુર કરેલ છે જેમાં એ.એમ.સી.નો કરાર, કાર્ટીજ રીફીલીંગ, ટોનર રીપ્લેસમેન્ટ, માસિક લવાજમ, રીપેરીંગ અને જુના પાર્ટસ બદલવા વિગેરે અંગેનો ખર્ચ થયેલ છે તે રકમ પુરેપૂરી મંજુર કરવી જોઇએ.

(૧૨) અરજદાર શાળાની રજુઆત કે, બિલ્ડીંગ રીપેરીંગ, સી.સી.ટી.વી.નો ખર્ચ, ઇલેક્ટ્રીકલ ખર્ચ, ફર્નિચર ફીક્સ્ચરનો ખર્ચ વિગેરે તમામ ખર્ચાઓ કે જે રીપેર અને મેન્ટેનન્સના હેડ નીચેના જણાવવામાં આવેલ છે તે તમામ ખર્ચાઓ મંજુર કરવા જોઇએ. કારણ કે, ૩૧ જુલાઇ ૨૦૧૯ ના રોજ ભારે વરસાદના કારણે તેમની સ્થાવર તથા જંગમ મિલકતને મોટા પ્રમાણમાં નુકશાન થયેલ છે જેથી તમામ ખર્ચાઓ મંજુર કરવા જોઇએ. અરજદાર શાળાની રજુઆત કે, વ્હીકલ વિમાના ખર્ચમાં શાળાના પ્રિન્સિપાલ, ટ્રસ્ટી તેમજ એમ્બ્યુલન્સ તેમજ બસ કે જે વિદ્યાર્થીઓની એક્સ્ટ્રા એક્ટીવીટી માટે ઉપયોગ થાય છે માટે તે ખર્ચ મંજુર કરવો જોઇએ. અરજદાર શાળાની રજુઆત કે, ટ્રાન્સપોર્ટ અને એક્સ્ટ્રા ક્લીસીસનો ખર્ચ જે નામંજુર કરેલ છે તે દરેક વિદ્યાર્થી માટે ફરજીયાત પ્રવૃતિ માટેનો ખર્ચ છે અને તે અંગેનો કોઇ એક્સ્ટ્રા ફી લેવામાં આવતી નથી તેથી તે અંગેનો ખર્ચ મંજુર કરવો જોઇએ.

(૧૩) અરજદાર શાળાની વધુમાં રજુઆત કે, અન્ય નાણાંકીય ખર્ચાઓ જેવા કે, ટર્મ લોનનું વ્યાજ, વાહન લોનનું વ્યાજ, અન્ય અનસિક્યોર્ડ લોનનું વ્યાજ વિગેરે અન્ય તમામ ખર્ચાઓ શાળાકીય પ્રવૃતિ માટે જરૂરી હોઇ તે તમામ ખર્ચાઓ મંજુર કરવા જોઇએ. અરજદાર શાળાની રજુઆત કે, જાહેરાત અંગેનો ખર્ચ મંજુર કરવો જોઇએ. વધુમાં અરજદાર શાળાની રજુઆત કે, આનંદ સ્કુલનો ખર્ચ રૂા.૧૧,૯૯,૨૦૦/- જે અન્ય શાળા ચલાવવા માટેનો કરવો પડેલો ખર્ચ છે જેથી તે મંજુર કરવો જોઇએ.

(૧૪) અરજદાર શાળાની રજુઆત કે, ટ્રાવેલીંગ ખર્ચ, ઘસારા ખર્ચ વિગેરે ખર્ચ મંજુર કરી રીવ્યુ અરજીમાં ફેરફાર કરવો જોઇએ. અરજદાર શાળાની વધુમાં રજુઆત કે, સને ૨૦૧૯-૨૦ ની ફીમાં દસ-દસ ટકાનો વધારો કરી નવેસરથી ફી મંજુર કરવી જોઇએ.

(૧૫) અરજદાર શાળાની રજુઆત કે, ફી નિયમન સમિતિએ સને ૨૦૧૭-૧૮ ના વર્ષમાં નોશનલ રેન્ટ ઘસારામાં મજરે આપ્યું હતું અને તેથી તેમાં ફેરફાર કરી ઘસારાની રકમ મંજુર કરવી જોઇએ.

(૧૬) અરજદાર શાળાની રજુઆત કે, અરજદાર શાળા સાતમા પગારપંચ અંગે પગારની ચુકવણી કરનાર છે અને ભવિષ્યના ખર્ચને પહોંચી વળવા માટે તે અંગેનો ખર્ચ મંજુર કરી વચગાળાની નક્કી કરેલી ફીમાં ફેરફાર કરવો જોઇએ.

(૧૭) અરજદાર શાળાની રજુઆતો ધ્યાને લેવામાં આવી. વચગાળાના હુકમમાં એડમીશન એકઝામીનેશન ખર્ચની રકમ રૂા.૨૩,૩૩,૦૦૦/- ની દર્શાવી હતી જે અંગે શાળાએ એડમીશન અને ઓરીએન્ટેશન ફી તરીકે રૂા.૪૫,૮૩,૦૦૦/- ની રકમ મેળવી છે. વધુમાં કોમ્પ્યૂટર સોફ્ટવેર હેઠળ તેઓનો ૫૦ ટકા ખર્ચ ગ્રાહ્ય રાખેલ છે તેથી તે હુકમમાં કોઇ ફેરફાર કરવાનું કારણ જણાતું નથી.

(૧૮) અરજદાર શાળાની રજુઆત કે, રીપેર અને મેન્ટેનન્સના હેડ નીચેની રકમમાં ૩૩.૩૩ ટકાની રકમ મંજુર કરી છે અને ૬૬.૬૭ ટકા નામંજુર કરેલ છે અને તે હુકમમાં ફેરફાર કરવો જોઇએ. કારણ કે, અરજદાર શાળાની રજુઆત કે, જુલાઇ ૨૦૧૯ માં વડોદરામાં ભારે વરસાદ પડ્યો હતો તેના કારણે સ્થાવર તથા જંગમ મિલકતને નુકશાન થયું હતું. જેથી, વધુ ખર્ચ કરવો પડેલ છે. અરજદાર શાળાની રજુઆત ધ્યાને રાખતાં અગાઉ ૩૩.૩૩ ટકા મંજુર કર્યો હતો તેના બદલે રીપેર અને મેન્ટેનન્સની રકમ કેટલાક હેડ નીચેની રકમ મંજુર કરવામાં આવે છે તેમજ સી.સી.ટી.વી., આર.ઓ.પ્લાન્ટ સોલાર સિસ્ટમના હેડ નીચેની રકમ ૫૦ ટકા જ ગ્રાહ્ય રાખવામાં આવી છે અને ૫૦ ટકા નામંજુર કરવામાં આવી છે. સ્વીમીંગ પુલ મેન્ટેનન્સની રકમ પુરેપૂરી નામંજુર કરવામાં આવી છે.

(૧૯) અરજદાર શાળાની ટ્રાન્સપોર્ટ ખર્ચની રકમ રૂા.૫૮,૨૪,૪૮૫/- ખર્ચ તરીકે ઉધારવામાં આવેલ છે. જે અંગેની પ્રવૃતિ વૈકલ્પિક પ્રવૃતિ છે. વધુમાં અરજદાર શાળાએ વિદ્યાર્થીઓ પાસેથી ટ્રાન્સપોર્ટ ફી તરીકે રૂા.૫૩,૮૨,૨૩૫/- ની ફી વસુલ કરી છે. નામદાર સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન નં.૩૧૪/૨૦૧૮ ના ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે તેમજ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના જાહેરનામાં મુજબ વૈકલ્પિક પ્રવૃતિ અંગેની ફી, ફી નિયમન સમિતિએ નક્કી કરવાની રહેતી નથી અને તેની ફી નક્કી કરવાની ન હોય ત્યારે તેની આવક અને ખર્ચને ધ્યાને લઇ શકાય નહિ અને તેથી તે અંગેનો ખર્ચ અગાઉ જે નામંજુર કરવામાં આવ્યો છે તે હુકમમાં ફેરફાર કરવાનું યોગ્ય જણાતું નથી. પરંતુ, ટ્રાન્સપોર્ટ ખર્ચ, એકસ્ટ્રા કલાસીસ તેમજ વ્હીકલ રનીંગ એન્ડ મેન્ટેનન્સ ખર્ચની રકમ અગાઉ ૫૦ ટકા ગ્રાહ્ય રાખવામાં આવી હતી. અરજદાર શાળાની રજુઆત ધ્યાને લેતાં આ રકમ પુરેપૂરી ગ્રાહ્ય રાખવામાં આવે છે.

(૨૦) અરજદાર શાળાના અન્ય નાણાંકીય ખર્ચ જેવા કે, ટર્મ લોનનું વ્યાજ, વાહન લોનનું વ્યાજ, અનસિક્યોર્ડ લોનનું વ્યાજ વિગેરે ખર્ચાઓ અગાઉ વચગાળાના હુકમમાં નામંજુર કરવામાં આવ્યા હતા તેમાં કોઇ ફેરફાર કરવાનું વ્યાજબી કારણ જણાતું નથી અને તેથી તેમાં કોઇ ફેરફાર કરવામાં આવતો નથી.

ફી નિયમન સમિતિ વડોદરા ઝોન, વડોદરા

(૨૧) અરજદાર શાળાની રજુઆત કે, તેઓની આનંદ સ્કુલન ખર્ચની રકમ રૂા.૧૧,૯૯,૨૦૦/- ની રકમ અંગેની રજુઆત સ્વીકારવાપાત્ર બનતી નથી. કારણ કે, વિદ્યાર્થીઓની ફીમાંથી આનંદ સ્કુલનો ખર્ચ આપી શકાય નહિ અને તેથી તે હુકમમાં કોઇ ફેરફાર કરવાનું યોગ્ય જણાતું નથી.

(૨૨) અગાઉ જાહેરાત ખર્ચ જે નામંજુર કરેલો હતો તે પુરેપૂરો મંજુર કરવામાં આવે છે. અરજદાર શાળાની રીએમ્બર્સમેન્ટ ઓફ સેલેરી અગાઉ પુરેપૂરી નામંજુર કરી હતી તેમાં ૫૦ ટકા ખર્ચ ગ્રાહ્ય રાખવામાં આવે છે. પરંતુ, રીએમ્બર્સમેન્ટ ઓફ ફાઇનાન્સ ખર્ચ મંજુર કરેલ છે. અરજદાર શાળાને ઓફીસ રનીંગ મેન્ટેનન્સ તરીકે અગાઉ ૫૦ ટકા ખર્ચની રકમ મંજુર કરી હતી તેમાં ફેરફાર કરી પુરેપૂરી મંજુર કરવામાં આવે છે.

(૨૩) અરજદાર શાળાની રજુઆત કે, ઘસારાની રકમ અંગે નોશનલ રેન્ટની રકમ મજરે આપવી જોઇએ. પરંતુ, ફી રીવીઝન કમિટીના ચુકાદામાં ઘસારાના ખર્ચને માન્ય રાખવામાં આવેલ નથી. જેથી, ઘસારાની રકમ મજરે આપી શકાય નહિ અને ઘસારાની રકમમાં તેનો સમાવેશ થઇ શકે નહિ.

(૨૪) અરજદાર શાળાની રજુઆત કે, ભવિષ્યના ડેવલપમેન્ટના ખર્ચ પેટે ૭ ટકાની રકમ આપી છે તેના બદલે ૧૦ ટકા પ્રમાણેની રકમ ચુકવવી જોઇએ પરંતુ પ્રવર્તમાન બેન્ક વ્યાજના દરો, મોંઘવારી અને લોકોનું જીવન-ધોરણ ધ્યાને લેતાં ૧૫ ટકા પ્રમાણેની રકમ ગ્રાહ્ય રાખવાપાત્ર બનતી નથી અને તેથી ૭ ટકાની રકમ મંજુર કરવાનું સમિતિ દ્વારા ઠરાવવામાં આવે છે.

(૨૫) અરજદાર શાળાની રીવ્યુ અરજીમાં કરેલી રજુઆતો અને ગ્રાહ્ય રાખવામાં આવેલી હકીકતો ધ્યાને લઇને નીચે જણાવેલ પત્રક મુજબ વચગાળાના હુકમમાં ફેરફાર કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ખર્ચની માહિતી</u> :-

| અ.નં. | ખર્ચની વિગત | ઓડીટ મુજબ દર્શાવેલી ખર્ચની રકમ. (રૂા.) | ફી નિયમન સમિતિ ધ્વારા મંજુર કરેલી રકમ. (રૂા.) | ફી નિયમન સમિતિ ધ્વારા નામંજુર કરેલી રકમ. (રૂા.) |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| (૧) | એડમીશન એક્ઝામ ખર્ચ | ૨૩૩૩૦૦૦ | ૦૦ | ૨૩૩૩૦૦૦ |
| (૨) | કોમ્પ્યૂટર ખર્ચ | ૨૪૨૭૨૦૯ | ૧૨૧૩૬૦૫ | ૧૨૧૩૬૦૫ |
| રીપેર અને મેન્ટેનન્સ | | | | |
| (૩) | સી.સી.ટી.વી. | ૧૬૩૨૯૬૭ | ૮૧૬૪૮૪ | ૮૧૬૪૮૪ |
| (૪) | આર.ઓ.પ્લાન્ટ | ૩૫૫૫૨૦ | ૧૭૭૭૬૦ | ૧૭૭૭૬૦ |
| (૫) | સોલાર સિસ્ટમ અને અન્ય. | ૨૪૬૨૭૨૨ | ૧૨૩૧૩૬૧ | ૧૨૩૧૩૬૧ |
| (૬) | સ્વીમીંગ પુલ | ૯૦૦૬૧૮ | ૦૦ | ૯૦૦૬૧૮ |
| (૭) | વાહનનો વિમો | ૧૯૨૬૯૨ | ૦૦ | ૧૯૨૬૯૨ |
| (૮) | ટ્રાન્સપોર્ટ ખર્ચ | ૫૮૨૪૪૮૫ | ૦૦ | ૫૮૨૪૪૮૫ |
| (૯) | ટર્મ લોનનું વ્યાજ | ૨૯૬૧૫૩ | ૦૦ | ૨૯૬૧૫૩ |
| (૧૦) | વાહન લોનનું વ્યાજ. | ૬૭૯૮૭ | ૦૦ | ૬૭૯૮૭ |
| (૧૧) | અનસિક્યોર્ડ લોનનું વ્યાજ. | ૧૦૧૦૭૦ | ૦૦ | ૧૦૧૦૭૦ |
| (૧૨) | બેન્ક ચાર્જ | ૩૩૦૯ | ૦૦ | ૩૩૦૯ |
| (૧૩) | વર્કીંગ કેપીટલનું વ્યાજ. | ૧૦૩૯૦૩૩ | ૦૦ | ૧૦૩૯૦૩૩ |
| અન્ય ખર્ચાઓ. | | | | |
| (૧૪) | આનંદ સ્કુલ ખર્ચ | ૧૧૯૯૨૦૦ | ૦૦ | ૧૧૯૯૨૦૦ |
| (૧૫) | ટી.ડી.એસ.ઉપરનું વ્યાજ | ૯૦૮૨૧ | ૦૦ | ૯૦૮૨૧ |
| (૧૬) | ઘસારો | ૧૨૧૮૭૨૮૪ | ૦૦ | ૧૨૧૮૭૨૮૪ |
| (૧૭) | ખર્ચ કરતાં વધુ આવક (સરપ્લસ) | ૧૬૭૧૨૬૪૬ | ૦૦ | ૧૬૭૧૨૬૪૬ |
| | કુલ રકમ રૂા. | ૪૭૮૨૬૭૧૬ | ૩૪૩૯૨૧૦ | ૪૪૩૮૭૫૦૬ |

ફી નિયમન સમિતિ, વડોદરા ઝોન, વડોદરા

(૨૬) અરજદાર શાળાની ઉપર જણાવ્યા ખર્ચા અમાન્ય કરવામાં આવેલ છે તે સિવાયના ફેરફાર કરવામાં આવેલા ખર્ચાઓ અને માન્ય કરવામાં આવેલા ખર્ચાઓની ગણતરી ધ્યાને લઇને

વિદ્યાર્થીઓની સંખ્યા અને માન્ય ખર્ચની ગણતરી કરી નીચે મુજબનો વિદ્યાર્થી દીઠનો ખર્ચ ઠરાવવામાં આવે છે.

<u>ઓડીટ મુજબનો હિસાબ</u> :-

| | | | |
|---|---|---|---|
| તા.૩૧-૦૩-૨૦૨૦ ના ઓડીટ મુજબની કુલ ખર્ચની રકમ | | | રૂા.૧૯,૪૩,૨૪,૭૫૫/- |
| નહિ અપાવેલ ખર્ચ :- | | | |
| (૧) | એડમીશન એક્ઝામ ખર્ચ | ૨૩૩૩૦૦૦ | |
| (૨) | કોમ્પ્યૂટર ખર્ચ | ૧૨૧૩૬૦૫ | |
| રીપેર અને મેન્ટેનન્સ | | | |
| (૩) | સી.સી.ટી.વી. | ૮૧૬૪૮૪ | |
| (૪) | આર.ઓ.પ્લાન્ટ | ૧૭૭૭૬૦ | |
| (૫) | સોલાર સિસ્ટમ અને અન્ય. | ૧૨૩૧૩૬૧ | |
| (૬) | સ્વીમીંગ પુલ | ૯૦૦૬૧૮ | |
| (૭) | વાહનનો વિમો | ૧૯૨૬૯૨ | |
| (૮) | ટ્રાન્સપોર્ટ ખર્ચ | ૫૮૨૪૪૮૫ | |
| (૯) | ટર્મ લોનનું વ્યાજ | ૨૯૬૧૫૩ | |
| (૧૦) | વાહન લોનનું વ્યાજ. | ૬૭૯૮૭ | |
| (૧૧) | અનસિક્યોર્ડ લોનનું વ્યાજ. | ૧૦૧૦૭૦ | |
| (૧૨) | બેન્ક ચાર્જ | ૩૩૦૯ | |
| (૧૩) | વર્કીંગ કેપીટલનું વ્યાજ. | ૧૦૩૯૦૩૩ | |
| અન્ય નાણાંકીય ખર્ચ | | | |
| (૧૪) | આનંદ સ્કુલ ખર્ચ | ૧૧૯૯૨૦૦ | |
| (૧૫) | ટી.ડી.એસ.ઉપરનું વ્યાજ | ૯૦૮૨૧ | |
| (૧૬) | ઘસારો | ૧૨૧૮૭૨૮૪ | |
| (૧૭) | ખર્ચ કરતાં વધુ આવક (સરપ્લસ) | ૧૬૭૧૨૬૪૬ | |
| | | નહિ અપાવેલ ખર્ચની કુલ રકમ | રૂા.૪,૪૩,૮૭,૫૦૬/- |
| | | કુલ માન્ય ખર્ચ | રૂા.૧૪,૯૯,૩૭,૨૪૯/- |
| કુલ માન્ય ખર્ચ રૂા.૧૪,૯૯,૩૭,૨૪૯/- ભાગ્યા ૨૪૭૪ વિદ્યાર્થી દીઠનો સરેરાશ ખર્ચ | | રૂા.૬૦,૬૦૫/- | |
| ડેવલપમેન્ટ ખર્ચની રકમ ૭ ટકા પ્રમાણે | | રૂા.૪,૨૪૨/- | |
| આર.ટી.ઇ.ના ખર્ચની રકમ ૫ ટકા પ્રમાણે | | રૂા.૩,૦૩૦/- | |
| કુલ માન્ય ખર્ચ | | રૂા.૬૭,૮૭૮/- | |
| | | સરેરાશ વિદ્યાર્થી દીઠની ફી... | રૂા.૬૮,૦૦૦/- |
| અરજદાર શાળાને સને ૨૦૨૧-૨૨ થી ૭ મા પગારપંચની રકમ ચુકવવાની હોવાથી વિદ્યાર્થી દીઠ રૂા.૩૦૦૦/-નો ખર્ચ મંજુર | | | રૂા.૩,૦૦૦/- |
| કુલ વિદ્યાર્થી દીઠની ફી | | | રૂા.૭૧,૦૦૦/- |

(૨૭) અરજદાર શાળાની રજુઆત કે, એપ્રિલ ૨૦૨૨ થી તેઓના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓને સાતમા પગારપંચ પ્રમાણેની રકમ ચુકવનાર છે અને તે અંગે અંદાજીત ખર્ચ રૂા.૩,૨૫,૦૦,૦૦૦/- થનાર છે અને તે ખર્ચને પહોંચી વળવા માટે વધારાની ફી મંજુર કરવી જોઇએ. અરજદારની રજુઆત ધ્યાને લેતાં તેમજ જ્યારે તેઓ એપ્રિલ ૨૦૨૨ થી સાતમા પગાર

પંચ પ્રમાણે પગાર ચુકવવાની લેખિતમાં બાંહેધરી આપેલ છે ત્યારે તે ખર્ચની રકમ મોટી છે અને આવા મોટા ખર્ચને પહોંચી વળવા માટે સને ૨૦૨૧-૨૨ ની નક્કી કરેલી ફીમાં ઉપર જણાવ્યા પ્રમાણે વિદ્યાર્થી દીઠ રૂા.૩૦૦૦/- નો ખર્ચ મંજુર કરવો વ્યાજબી જણાય છે અને તે અંગે અરજદાર શાળાએ ફી નિયમન સમિતિને તેની ખાત્રી આપવાની રહેશે.

//હુ ક મ//

| અ. નં. | ધોરણ | માધ્યમ | વિદ્યાર્થીની સંખ્યા | સૂચિત ફીની માગણી | ફી નિયમન સમિતિ ધ્વારા નક્કી કરેલ ફાઇનલ ફી. |
|---|---|---|---|---|---|
| | | | સને ૨૦૧૯-૨૦. | સને ૨૦૨૧-૨૨. | સને ૨૦૨૧-૨૨. |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| (૧) | પ્રિ.પ્રાયમરી | અંગ્રેજી | ૨૫૯ | રૂા.૯૪,૬૦૦/- | રૂા.૭૦,૦૦૦/- |
| (૨) | ૧ થી ૩. | અંગ્રેજી | ૫૫૦ | રૂા.૯૪,૬૦૦/- | રૂા.૭૦,૦૦૦/- |
| (૩) | ૪ થી ૮. | અંગ્રેજી | ૧૦૩૭ | રૂા.૯૪,૬૦૦/- | રૂા.૭૦,૦૦૦/- |
| (૪) | ૯ થી ૧૦. | અંગ્રેજી | ૪૩૦ | રૂા.૯૪,૬૦૦/- | રૂા.૭૩,૦૦૦/- |
| (૫) | ૧૧-૧૨ જનરલ | અંગ્રેજી | ૮૫ | રૂા.૯૮,૦૦૦/- | રૂા.૭૫,૦૦૦/- |
| (૬) | ૧૧-૧૨ સાયન્સ | અંગ્રેજી | ૧૧૩ | રૂા.૯૮,૦૦૦/- | રૂા.૭૭,૦૦૦/- |

શરતો :-

૧) સને ૨૦૨૧-૨૨ ની નક્કી કરેલી ફી ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭ ની કલમ-૨ (જી) અન્વયે નક્કી કરેલી ફી છે.

૨) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ ના વર્ષમાં વૈકલ્પિક ફીની રકમ નક્કી કરવામાં આવેલી ફી કરતાં અલગથી વસુલ કરી શકશે અને તેમાં વિદ્યાર્થી અને તેના વાલીની તે પ્રવૃત્તિ માટે સંમતિ લેવાની રહેશે.

૩) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ ની શૈક્ષણિક ફી માસિક તેમજ ત્રિમાસિક ધોરણે વસુલ કરી શકશે. પરંતુ ફી ભરવામાં થયેલ વિલંબ અંગે શાળા વાલી પાસેથી બેન્ક રેટના દર કરતાં વધુ રકમ પેનલ્ટી તરીકે વસુલ કરી શકશે નહિ.

૪) કોઇ પણ વાલીએ સને ૨૦૨૧-૨૨ ના વર્ષમાં આ હુકમમાં દર્શાવેલ ફી કરતાં વધુ ફી ભરી હશે તો તેઓને શાળાએ મજરે આપવાની રહેશે પરંતુ વિદ્યાર્થી/વાલીએ હુકમ દર્શાવેલ ફી કરતાં ઓછી ફી ભરેલ હોય તો શાળાને બાકી ફીની રકમ વસુલ આપવાની રહેશે.

૫) ફી નિયમન સમિતિ ધ્વારા સને ૨૦૨૧-૨૨ ના વર્ષની નક્કી કરેલી ફીના ૫ ટકા રકમનો વધારો સને ૨૦૨૨-૨૩ તેમજ સને ૨૦૨૨-૨૩ ની નક્કી કરેલી ફીના ૫ ટકાનો વધારો સને ૨૦૨૩-૨૪ ના વર્ષમાં લઇ શકશે.

૬) અરજદાર શાળા આ હુકમ મુજબની ફી કરતાં વધુ ફી વસુલ કરી શકશે નહિ. કોઇ સંજોગોમાં હુકમમાં ફેરફાર થાય અથવા ફી રીવીઝન કમિટીના હુકમમાં ફેરફાર થાય ત્યારે જે હુકમ જે તારીખે થયો હોય તેના બીજા ક્વાટરમાં હુકમ મુજબ ફીમાં ફેરફાર કરવાનો રહેશે. તે સિવાય ફી નિયમન સમિતિએ કરેલા હુકમ મુજબની જ ફી શાળાએ વિદ્યાર્થી પાસેથી વસુલ કરવાની રહેશે અને આ હુકમનો અનાદર કરવામાં આવશે ત્યારે શાળા વિરૂધ્ધ ફી નિયમન અધિનિયમની જોગવાઇઓ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૭) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ ની ફી નિયમન સમિતિ, વડોદરા ધ્વારા નક્કી કરવામાં આવેલી ફી શાળાના નોટીસ બોર્ડ ઉપર તેમજ શાળાની વેબસાઇટ ઉપર અંગ્રેજી તેમજ ગુજરાતીમાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

૮) અરજદાર શાળા રીવ્યુ અરજીના હુકમથી નારાજ હોય તો હુકમ મળ્યાની તારીખથી ૨૧ દિવસમાં ફી રીવીઝન કમિટીને નીચેના સરનામે ફી રીવીઝન અરજી કરી શકશે.

અધ્યક્ષશ્રી,
ફી રીવીઝન કમિટી,
એસ.ટી.ટી.આઇ.બિલ્ડીંગ, જી.સી.ઇ.આર.ટી.કેમ્પસ,
સેકટર નં.૧૨, ગાંધીનગર-૩૮૨૦૧૦.

૯) ફી રીવીઝન કમિટી સમક્ષ રીવીઝન અરજી કરતા સમયે રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર)પુરા પ્રોસેસ ફી સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયામાં નીચે જણાવ્યા મુજબના સદરે જમા કરાવી તેનું ચલણ અરજી સાથે રજુ કરવાનું રહેશે.

પ્રાથમિક શિક્ષણઃ-

| | |
|---|---|
| મુખ્ય સદર | ૦૨૦૨ શિક્ષણ ખેલકુદ, કલા અને સંસ્કૃતિ |
| પેટા મુખ્ય સદર | ૦૧-સામાન્ય શિક્ષણ |
| ગૌણ સદર | ૧૦૧ પ્રારંભિક શિક્ષણ |
| પેટા સદર | (૦૧) અન્ય પ્રાપ્તિ |
| હેડ ચાર્જેબલ | ૦૨૦૨-૦૧-૧૦૧-૦૧ |

માધ્યમિક શિક્ષણઃ-

| | |
|---|---|
| મુખ્ય સદર | ૦૨૦૨ શિક્ષણ ખેલકુદ, કલા અને સંસ્કૃતિ |
| પેટા મુખ્ય સદર | ૦૧-સામાન્ય શિક્ષણ |
| ગૌણ સદર | ૧૦૧ પ્રારંભિક શિક્ષણ |
| પેટા સદર | (૦૧) શિક્ષણ અને અન્ય ફી |
| હેડ ચાર્જેબલ | ૦૨૦૨-૦૧-૧૦૨-૦૧ |

૧૦) ફી રીવીઝન અરજી નિયત નમૂનાના ફોર્મ-૫ માં જરૂરી આધાર-પુરાવાઓ સાથે ફાઇલને અનુક્રમ નંબર અને પાન નંબર આપી ૭ નકલમાં હાર્ડ કોપીમાં મોકલવાની રહેશે.

૧૧) ફી રીવીઝન અરજીની એક શોફટ કોપી ફી રીવીઝન કમિટીના E-Mail Add:- frcgujarat.gov@gmail.com ઉપર મોકલી આપવાની રહેશે.

૧૨) ફી રીવીઝન કમિટી, ગાંધીનગર સિવાય અન્ય કોઇ સત્તાધિકારી/કચેરીએ કરેલ ફી સુધારણા અરજી માન્ય ગણાશે નહિ જેની સ્પષ્ટ નોંધ લેવી.

આજ તા.૩૦ માહે માર્ચ સને ૨૦૨૨.
સ્થળ :- વડોદરા.

ફી નિયમન સમિતિ વડોદરા વિભાગ,વડોદરાના તા.૩૦/૦૩/૨૦૨૨ ના આદેશાનુંસાર

(મુખ્ય સંયોજક)
ફી નિયમન સમિતિ
વડોદરા વિભાગ,વડોદરા.

પ્રતિ, આચાર્ય/સંચાલકશ્રી, દિલ્હી પબ્લિક સ્કુલ (C.B.S.E.)(અંગ્રેજી માધ્યમ), ઠે.મોટનાથ મહાદેવ પાસે, હરણી-વિરોદ રોડ, હરણી, વડોદરા-૩૯૦૦૨૨...

નકલ રવાનાઃ- મુખ્ય સંયોજકશ્રી, જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વડોદરા તરફ જાણ તથા અમલ થવા સારૂ.